# શ્રી ભગવાન મહાવીર સ્વામી
## નું શાસન

# શ્રી તીર્થંકર પરમાત્માની ભક્તિ : સિધ્ધાંત બોધ લેવો અને સિધ્ધાંત બોધ આપવો

૧ સિધ્ધાંત બોધ માનવો ......શ્રી તીર્થંકર પરમાત્માને માનવા
૨ સિધ્ધાંત બોધ જાણવો ......શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલા તત્વોને જાણવા
૩ સિધ્ધાંત બોધ શ્રધ્ધવો ......શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલા તત્વોને જીવનમાં લાવવા
૪ સિધ્ધાંત બોધ અનુભવવો...શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલા તત્વોને પામવા
૫ સિધ્ધાંત બોધ પ્રકાશવો .....શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલા તત્વોને પ્રકાશવા

**સિધ્ધાંત બોધની વિરાધનાનું ફળ શું ?**
**અને ઉપદેશબોધની આરાધનાનું ફળ શું ?**

## જૈનો જાગો
રમેશ વૈજાણી
**લેખાંક : ૨૫**

**લેખાંકો ૧ થી ૫૮, તા. ૫-૧-૨૦૦૦ થી પુનઃ મુદ્રણ**

શ્રી મહાવીર સ્વામી ભગવાનનાં નિર્વાણ પછી પરમાત્માએ પ્રકાશેલા અને સ્થપાવેલા ધર્મ ઉપર ૨૫૦૦ વર્ષ સુધી નાના મોટા આવરણો આવશે અને પછી પરમાત્માએ પ્રકાશેલા ધર્મ (સિધ્ધાંત બોધ, આત્મધર્મ)નો ઉન્નતિકાળ (પ્રગટપણા)નો સમય શરૂ થશે, તેવી શાસ્ત્ર રચયતાની આગમ દેશના શાસ્ત્રમાં વર્ણવેલી છે. તે આગમવાણી અનુસાર ૨૫૦૦ વર્ષ પૂરા થયાં અને ઉપર આશરે ૨૫ વર્ષ થયા. તેથી છેલ્લા થોડા વર્ષોથી સિધ્ધાંતબોધ

*** સત્સંગ ***
**જે જ્ઞાનથી જીવે, તે જ્ઞાનનાં ધારકને આરાધવા એ જ્ઞાનના ધારકનાં આશ્રયે આશ્રિતપણાથી, તે જ્ઞાનને આરાધવા જ્ઞાનીત્વપણા માટે તે જ્ઞાનથી તે જ્ઞાનનાં ધારકથી આરાધકપણે આરાધન કરીને આરાધકપણાથી જ્ઞાનનાં ધારકને જ્ઞાનત્વપણામાં લાવીને જ્ઞાનત્વ પ્રકાશ્યું તે જ્ઞાનત્વનું બીજું નામ 'સિધ્ધાંત જ્ઞાનત્વબોધ'.**

(આત્મધર્મ)ની (શ્રી પરમાત્માએ પ્રકાશેલા તત્વોની) શ્રાવક સમુદાયમાં થોડા અંશે સિધ્ધાંતબોધની ઝુરણા જાગૃત થઈ છે. અને આગળ ઉપર શ્રી તીર્થંકર પરમાત્માની નિષ્કામ કરૂણા અને શ્રી પરમાત્માનું જ્ઞાનબળ, યોગબળ અને શ્રી પરમાત્માનાં નામકર્મના ફળ સ્વરૂપે બાળજીવોને મોક્ષમાર્ગ (સિધ્ધાંતબોધ) ધર્માચાર્યો પાસેથી સરળતાથી સહજતાથી અને વિશેષપણે પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના, સિધ્ધાંતબોધનાં આરાધકો, શ્રી શાસનદેવી અને સમકિતી દેવ-દેવીઓ પાસે પ્રાર્થીએ.

હવે વિશેષ સિધ્ધાંતબોધના લક્ષણોની વિચારણા કરીએ.

૬૧.જે બોધની સમજણ જીવને સર્વ ધર્મોનો આદરભાવ કરતા શિખવાડે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૬૨.જે બોધની સમજણથી જીવ જગતનાં સર્વ જીવો પ્રત્યે કરૂણા દ્રષ્ટિ પ્રગટાવે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

**જે જ્ઞાનથી જીવ પરપદાર્થમાં ઉપયોગ (દ્રષ્ટિ) મૂકે તે જ્ઞાનને ઉપદેશ બોધ કહેવાય.**
**જે જ્ઞાનથી જીવ સ્વ સ્વરૂપમાં દ્રષ્ટિ સ્થાપે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.**

૬૩.જે બોધની સમજણ જીવને જગતનાં સર્વ જીવો પ્રત્યે સમભાવે વ્યવહાર કરાવે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૬૪.જે બોધની સમજણથી જીવ, જીવમાંથી શિવ બને, આત્મામાંથી પરમાત્મા બને અને ખુદમાંથી ખુદા બને તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૬૫.જે બોધની સમજણ જીવને દ્રષ્ટિની વિશાળતા અર્પે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૬૬.જે બોધની સમજણથી જીવ શાંતિ પામે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૬૭.જે બોધની સમજણથી જીવ પ્રસન્નતા પામે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૬૮.જે બોધની સમજણથી જીવ આનંદની અનુભૂતી અનુભવે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૬૯.જે બોધની સમજણ જીવને સવાલ વગરનું (જવાબ સહિત) જીવન બનાવે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૭૦.જે બોધની સમજણ જીવની પ્રકૃતિ (મુખ્ય પાપ-પુણ્યની) મંદ કરાવે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૭૧.જે બોધની સમજણથી જીવ સહજ સ્વરૂપે મોટામાં મોટું પુણ્યનું ઉપાર્જન કરે છે (અન્ય જીવને મોક્ષમાર્ગી બનાવીને) તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૭૨.જે બોધની વિરાધના કરનાર મોટામાં મોટું પાપ (૭મી નરક કરતા મોટું) એવું મહામિથ્યાત્વીપણું પામે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

**જે જ્ઞાન બુધ્ધિગમ્ય અને અનુભવગમ્ય ન હોય, તે અજ્ઞાનને અંધશ્રધ્ધા કહેવાય, તેનું ફળ 'આત્મ સંકોચપણું'.**
**જે જ્ઞાન બુધ્ધિગમ્ય અને અનુભવગમ્ય હોય, તે સિધ્ધાંતજ્ઞાનને શ્રધ્ધા કહેવાય, તેનું ફળ 'આત્મ વિકાસપણું'.**

૭૩.જે બોધની સમજણથી જીવનાં કર્મબંધન મંદ (અલ્પ) થાય તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૭૪.જે બોધની સમજણથી જીવની કર્મનિર્જરા થાય તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૭૫.જે બોધની સમજણથી જીવ અનુભવમાંથી અનુભવી બને તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૭૬.જે બોધની સમજણથી જીવ કર્મ બાંધતો અટકે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૭૭.જે બોધની સમજણથી જીવ પતિતમાંથી પાવન થાય તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૭૮.જે બોધની સમજણથી પામરમાંથી પરમેશ્વર બને તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૭૯. જે બોધની સમજણથી જીવનું માન મંદ (ક્ષય) થયું તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૮૦. જે બોધની સમજણથી જીવનું અભિમાન ઓગળ્યું (ક્ષય) થયું તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૮૧. જે બોધની સમજણથી જીવનો અહંકાર અટક્યો (ક્ષય થયો) તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૮૨. જે બોધની સમજણથી જીવનું મિથ્યાત્વ મંદ (ક્ષય) થયું તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૮૩. જે બોધની સમજણથી જીવની પ્રકૃતિ તૂટે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૮૪. જે બોધની સમજણથી જીવ સ્વચ્છંદનો દોષ ટાળે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૮૫. જે બોધની સમજણથી જીવ જીવનમાં ગુરુનું માહાત્મ્ય જાણે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૮૬. જે બોધના આધારે જગત ટકેલું છે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય. (મોક્ષમાર્ગ)/

૮૭. જે બોધના આધારે જગત વ્યવહાર ચાલે છે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય. (સાત્વિકપણું).

૮૮. જે બોધની સમજણથી જીવ

*** સત્સંગનું ફળ ***
**જે જ્ઞાન થકી જીવ, ફળ પરીણામને અફળ પરીણામી બનાવીને તેનું ફળ પ્રાપ્તીપણું પામીને અફળ ફળનું સર્વ સમય માટેનું ફળ (મોક્ષ) પ્રાપ્ત કરે છે, તે જેનાથી પ્રાપ્ત થાય છે, તે જ્ઞાનને 'સિધ્ધાંતબોધ' કહેવાય.**

કુગુરુને ઓળખે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૮૯. જે બોધની સમજણથી જીવ સુગુરૂને જાણે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૯૦. જે બોધની સમજણથી જીવ ઉપાધ્યાયજીને માને તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૯૧. જે બોધની સમજણથી જીવ જીવનમાં ગુરૂનું સ્થાપન કરે (એક જ ગુરૂનું) તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૯૨. જે બોધની સમજણથી જીવને આ ભવમાં મનુષ્યપણું અને મોક્ષમાર્ગી ધર્મ મળ્યો (મુખ્ય કારણ : કષાયના મંદપણાને કારણે) તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૯૩. જે બોધની સમજણથી જીવ ધર્મભીરુમાંથી પાપભીરૂ બને તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૯૪. જે બોધની વિરાધના, તે શ્રી તીર્થંકર પરમાત્માની વિરાધના બરાબર ગણાય, તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૯૫. જે બોધને જીવ ખોટો ગણે, તે જીવે પરમાત્મા પ્રત્યે અવિશ્વાસ કર્યા ગણાય, તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૯૬. જે બોધની સમજણ જીવને શ્રી પરમાત્માથી પરિચિત કરાવે (જાણતો કરાવે), શ્રી પરમાત્માને માનતો કરાવે, શ્રી પરમાત્મા ગમતા કરાવે અને શ્રી પરમાત્માને ભજતા કરાવે અને જીવન પ્રભુ પ્રભુ પ્રાર્થતા પ્રભુમય બનાવી દે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

આવતા લેખાંકમાં યોગે કરીને વિચારણા કરીશું. ક્રમશ :

આનંદ **આનંદ** **આનંદ**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઇપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઇપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઇપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઇપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઇપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઇને કરવી અને જાણકારી મેળવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.